સુવિચાર : જીવનમાં શું કરવું એ જેટલું મહત્ત્વનું છે, તેટલું જ મહત્ત્વનું કોની સાથે રહીને તે કરવું તે છે - સૌરભ શાહ

તાપમાન
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭૫ | ૧૬ ડિસેમ્બર, ૨૦૧૫, બુધવાર ; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- દલિતો ઉપર અત્યાચાર મુદ્દે લોકસભામાં ફરીથી હોબાળો
- આઈપીએલમાં ધોની-રૈના એકબીજાની વિરુદ્ધ ટીમમાં રમશે
- પાકિસ્તાન પર સકંજો મજબુત કરવા અમેરિકા હવે તૈયાર છે
- નિર્ભયા કેસમાં જુએનાઈલ ૨૦મીએ મુક્ત થઈ શકે છે
- ઉત્તરપૂર્વમાં ટેલિકોમ નેટવર્ક વધુ મજબુત કરવાનો નિર્ણય
- ફૂડ એન્ડ સેફ્ટી મામલે કઠોર વ્યવસ્થા સ્થાપિત કરવી જરૂરી
- બિહારમાં ટ્રકની અડફેટે બે પોલીસ જવાનના મોત
- બિહાર અને ઝારખંડમાં ભૂકંપનો હળવો આંચકો
- ઉત્તરપ્રદેશમાં નિરક્ષર બે ગણા થયા, ભણેલા મંત્રી ઘટી ગયા

# દિલ્હીમાં સીબીઆઈના દરોડાથી રાજકીય ગરમી

**સીબીઆઈના દરોડા મુદ્દે કેન્દ્ર-એએપી આમને સામને આવ્યા : કેજરીવાલની કચેરી સાથે જોડાયેલા અધિકારી રાજેન્દ્રકુમારની ઓફિસ ઉપર દરોડા : દસ્તાવેજોની ચકાસણી : સંસદમાં પણ દરોડાને લઈને ભારે હોબાળો : કેજરીવાલની ઓફિસ ઉપર દરોડા પડાયા નથી : જેટલીની સ્પષ્ટતા**

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હી સચિવાલય સ્થિત મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ઓફિસ ઉપર સીબીઆઈના દરોડાથી કેન્દ્ર અને દિલ્હી સરકાર ફરી આમને સામને આવી ગઈ છે. નાણાં મંત્રી અરૂણ જેટલીએ હોબાળો મચ્યા બાદ ખુલાસો કરતા કહ્યું હતું કે, આ દરોડા સરકારે આજે રાજ્યસભામાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી કેજરીવાલની કચેરીમાં દરોડા પાડવામાં આવ્યા નથી બલ્કે દિલ્હી સરકારના એક અધિકારીની સામે ભ્રષ્ટાચારના મામલાની તપાસ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

રાજ્યસભામાં જેટલીએ પ્રશ્ન કલાક દરમિયાન તૃણમુલ કોંગ્રેસના ડેરેક ઓ બ્રાયન દ્વારા કરાયેલ પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રીની ઓફિસ ઉપર દરોડા પાડવામાં આવ્યા નથી. આ દરોડાના અરવિંદ કેજરીવાલ અથવા તો તેમની કચેરી સાથે કોઈ લેવા દેવા નથી. દરોડાની કાર્યવાહી ભ્રષ્ટાચારના એક કેસના સંદર્ભમાં હાથ ધરાઈ છે. સરકારના જવાબથી નાખુશ વિપક્ષી સભ્યોએ બંધારણીય માળખા ઉપર પ્રહાર કરીને દેશના બિનઘોષિત ઈમરજન્સી લાગુ કરવાનો આક્ષેપ કર્યો હતો. ધાંધલધમાલના કારણે ગૃહની કામગીરી પણ ખોરવાઈ ગઈ હતી. અધિકારીની સામે તપાસ ચાલી રહી છે.



કેજરીવાલની નહીં બલ્કે તેમની ઓફિસ સાથે જોડાયેલા એક અધિકારી ઉપર પાડવામાં આવ્યા હતા. સીબીઆઈના દરોડાના મુદ્દા ઉપર વિપક્ષના પ્રહારો વચ્ચે કેન્દ્ર ... જેટલીએ કહ્યું હતું કે, કેજરીવાલ સરકારની અવધીના પહેલાનો મામલો છે. કેજરીવાલે દરોડા પાડ્યા બાદ જુદી જુદી

● અનુસંધાન પાન-૭ પર

## નરેન્દ્ર મોદી કાયર-મનોરોગી હોવાનો કેજરીવાલનો આક્ષેપ



**દરોડાની કાર્યવાહીથી કેજરીવાલ લાલઘુમ : સીબીઆઈએ તેમના દસ્તાવેજોમાં ઊંડી ચકાસણી કરી છે, મોદી રાજકીયરીતે બદલાની ભાવનાથી કામ કરે છે**

નવી દિલ્હી, તા. ૧૫

દિલ્હી સચિવાલય સ્થિત પોતાની ઓફિસ ઉપર સીબીઆઈના દરોડાથી લાલઘુમ થયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જવાબદાર ઠેરવીને કહ્યું હતું કે, મોદી કાયર અને મનોરોગી છે. બીજીબાજુ કેન્દ્રીય મંત્રી વૈંકેયા નાયડુએ પણ કહ્યું હતું કે, કેજરીવાલની ઓફિસ ઉપર સીબીઆઈના દરોડાથી વડાપ્રધાન મોદીને કોઈ લેવા દેવા નથી. કેજરીવાલે તેમની ઓફિસમાં સીબીઆઈ દરોડા પાડ્યા હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે, અધિકારીના નામ ઉપર તેમના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી છે. ટ્વીટર ઉપર દરોડાના સંદર્ભમાં કેજરીવાલે માહિતી આપી હતી અને કહ્યું હતું કે, મોદી સરકાર બદલાની ભાવનાથી કામ કરી રહી છે. પ્લેયર્સ બિલ્ડિંગમાં દરોડા પાડવાના

● અનુસંધાન પાન-૭ પર

## કેજરીવાલની સાથે દરોડાને કોઈ લેવાદેવા નથી : સીબીઆઈ



**મુખ્ય સચિવ રાજેન્દ્રકુમારની ઓફિસ પર દરોડા પડાયા છે જે આઈટી કૌભાંડમાં મુખ્ય આરોપી છે : સીબીઆઈ**

નવી દિલ્હી,તા. ૧૫

મધ્ય દિલ્હીમાં દિલ્હી સચિવાલયમાં સ્થિત કેજરીવાલ અને અન્ય મંત્રીઓની ઓફિસ પ્લેયર્સ બિલ્ડિંગમાં છે. દરોડા પડાયા બાદ એકબાજુ કેજરીવાલ સરકાર અને કેન્દ્ર સરકાર આમને સામને છે, ત્યારે સીબીઆઈએ ખુલાસો કરતા કહ્યું હતું કે મુખ્ય સચિવ રાજેન્દ્રકુમારની ઓફિસ ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. પ્રવક્તાએ કહ્યું હતું કે, ૧૪ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ સંબંધમાં વધુ માહિતી મળી શકી નથી. સીબીઆઈના સુત્રોએ કહ્યું હતું કે, સીબીઆઈ અધિકારીઓની એક ટુકડી આજે સવારે દિલ્હી સચિવાલય પહોંચી હતી અને ઈમારતના ત્રીજા માળ ઉપર દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. દિલ્હી સચિવાલયમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યભરમાં હાડ થીજવતી ઠંડી : નલિયામાં ૨.૬ ડિગ્રી

**અમદાવાદમાં પણ ઠંડીના ચમકારા વચ્ચે તાપમાન ૧૧.૫ અને ડિસામાં ૮.૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ : જનજીવન પર ઠંડીના લીધે અસર : સવારમાં રસ્તા સુમસામ થયા**

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં એકાએક વધારો થઈ રહ્યો છે. જેના કારણે હવે જનજીવન ઉપર પણ માઠી અસર થઈ ગઈ છે. આજે નલિયામાં હાડથીજવતી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૨.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં પણ લઘુત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ રહી હતી. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૧.૫ ડિગ્રી થયું હતું. અમદાવાદમાં પણ જોરદાર ઠંડીનો ચમકારો સવારના સમયમાં જોવા મળ્યો હતો. લોકોએ સવારના ૧૦ વાગ્યા સુધી ઠંડીનો ચમકારાનો અનુભવ કર્યો હતો. સવારે નોકરી જતા લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડ્યા હતા. ટ્રાફિકની સ્થિતિ પણ ઓછી જોવા મળી હતી.

ઠંડીની સીધી અસર જનજીવન ઉપર પડી હતી. પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યું હતું. કંડલા એરપોર્ટ ખાતે તાપમાન ઘટીને ૯ ડિગ્રી થયું છે. હવામાન વિભાગ તરફથી ઓછા તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. જેથી સામાન્ય લોકોને ચોક્કસપણે રાહત થઈ છે. પરંતુ ઠંડીનું મોજું અકબંધ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. સૌરાષ્ટ્ર કચ્છ અને રાજ્યના અન્ય ભાગોમાં ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં આંશિક રીતે ઘટાડો થયો હતો. જેના કારણે કાતિલ ઠંડીનો અનુભવ આજે પણ લોકોએ કર્યો હતો.તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર માઠી અસર થઈ છે. રસ્તાઓ સુમસામ બની રહ્યા છે. મોડી સાંજે માર્ગો ઉપર લોકો દેખાઈ રહ્યા નથી. તીવ્ર ઠંડીનો અનુભવ અમદાવાદ શહેરમાં પણ લોકોએ કર્યો હતો.ઠંડા પવન હાલમાં ફુંકાઈ રહ્યા છે જેથી લોકોને ગરમ વસ્ત્ર પહેરવાની ફરજ પડી રહી છે. ઉત્તર ભારતથી વહેતા બર્ફીલા

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડિઝલમાં નજીવો ભાવ ઘટાડો

**પેટ્રોલમાં ૫૦ અને ડીઝલમાં ૪૬ પૈસાનો ઘટાડો થયો : વેટ સાથે ગુજરાતમાં પેટ્રોલમાં ૫૫ પૈસા,ડિઝલમાં ૫૦ પૈસાનો ઘટાડો : ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી**

અમદાવાદ/નવી દિલ્હી,તા.૧૫

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે વેટ અને સેલ ટેક્સ સિવાય લિટર દીઠ ૫૦ પૈસા અને ૪૬ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ ક્રિસમસ ઉપર સામાન્ય નાગરીકોને આંશિક રાહત મળી ગઈ છે. ઓઈલ કંપનીઓએ વૈશ્વિક તેલ કિંમતોમાં થઈ રહેલા ફેરફારની નોંધ લીધી છે.ગુજરાતના અમદાવાદ સહિતના જુદા જુદા શહેરોમાં ૫૫ પૈસાનો ઘટાડો પેટ્રોલમાં અને ૫૦ પૈસાનો ઘટાડો ડીઝલમાં લાગુ પડશે. આનો મતલબ એ થયો કે અમદાવાદમાં પેટ્રોલની કિંમત હાલમાં ૬૧.૨૩ રૂપિયાની સામે ઘટીને ૬૦.૬૮ થશે. પેટ્રોલની કિંમત આજે અડધી રાતથી દિલ્હીમાં ૫૯.૯૮ રૂપિયા થઈ જશે, જે હાલમાં ૬૦.૪૮ રૂપિયા પ્રતિ લિટર છે. આવી જ રીતે ડિઝલની કિંમત હાલમાં ૪૬.૫૫ની સામે ઘટીને ૪૬.૦૯ થઈ જશે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જે હાલમાં દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર કંપની છે તેના દ્વારા આ અંગેની જાહેરાત કરાઈ છે. ઈન્ડસ્ટ્રી અધિકારીઓનું કહેવું છે કે આ બન્નેની કિંમતમાં ફેરફારની સીધી અસર જોવા મળશે. ૭મી નવેમ્બરના દિવસે છેલ્લે એક્સાઈઝ ડ્યુટીમાં પેટ્રોલ ઉપર લિટર દીઠ ૧.૬૦ રૂપિયા અને ડિઝલ ઉપર ૪૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. સરકાર હવે ફરી એકવાર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. છેલ્લા એક વર્ષના ગાળામાં સરકાર દ્વારા વધુ રેવન્યુ એકત્રિત કરવાના હેતુસર પાંચ વખત ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે.

એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવાથી વધારાની મહેસુલી રકમ ૩૨૦૦ કરોડ રૂપિયા સરકારને વર્તમાન નાણાકિય વર્ષમાં બાકીના ગાળા દરમિયાન મળી શકે છે. નવેમ્બર ૨૦૧૪થી જાન્યુઆરી ૨૦૧૫ વચ્ચેના ગાળામાં અગાઉ ૪ વખત વધારો કરાયો છે અને પેટ્રોલ ઉપર લિટર દીઠ ૭.૭૫ રૂપિયાનો વધારો કરાયો છે. જ્યારે ડિઝલ ઉપર ૬.૫૦ રૂપિયાનો વધારો કરાયો છે. નાણાંકીય ખાદ્યના ટાર્ગેટને હાંસલ કરવા વધારાના મહેસુલમાં ૨૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરાયા છે.

## વરેશ સિંહાનું ઈમ્પીચમેંટ માંગતી ફરિયાદ નોંધાઈ

અમદાવાદ, તા.૧૫

રાજય ચૂંટણી પંચ કમિશનર વરેશ સિંહા સામે તાજેતરમાં યોજાયેલી ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં અનિયમિતતા બદલ તેમનું ઈમ્પીચમેન્ટ માગતી ફરિયાદ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા નોંધવામાં આવી છે. વરેશ સિંહા સાથે કેન્દ્રીય ચૂંટણી પંચના કમિશનર નસીમ ઝૈદી સામે પણ ફરિયાદ નોંધવામાં આવી છે. કારણ કે રાજય ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રીય ચૂંટણી પંચ પર પણ મતદાન દરમિયાન ઉઠેલી ફરિયાદોની જવાબદારી ઢોળવામાં આવી હતી. તેથી રાણીપ નાગરિક સંગઠન દ્વારા પરિણામો બાદ બન્ને જવાબદાર સામે મહાભિયોગ કરવા ફરિયાદ કરાઈ હતી. રાણીપ નાગરિક સંગઠનના અગ્રણી અને એકટિવિસ્ટ રોશન શાહને કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જ તેમની ફરિયાદ અંગે થયેલી

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**
ગાંધીનગરની જાણીતી હોટલ માટે રીસેપ્શનીસ્ટ
સંપર્ક કરો
મો. : ૯૯૦૪૬ ૧૮૧૯૯
મો. : ૯૯૨૪૦ ૦૦૧૯૫




હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82




